# નીતિન પટેલે ૪૦ પાનાં વાંચવા સાડા ત્રણ કલાક લેતાં સૌ થાક્યા

## બજેટ પ્રવચનમાં પાટનગર યોજનાનો ઉલ્લેખ ટાળ્યો : સંત સરોવરથી ગિફ્ટ સુધી રિવરફ્રન્ટ બાબતે પણ અંદાજપત્રમાં મૌન : પાટનગરવાસીઓ નિરાશ

ગાંધીનગર, તા. ૨૧

આજે રાજ્યના નાણાંમંત્રી નીતિન પટેલે ત્રણ કલાક કરતાં પણ વધુ સમય સુધી પોતાનુ બજેટ પ્રવચન કર્યુ હતુ. એક તબક્કે તેમના ગળામાં તકલીફ ઉભી થતાં તેમની બાજુમાં સ્થાન ધરાવતા શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ વિરામનો સમય આપવા રજુઆત કરી હતી



વિધાનસભાના દ્વારેથી
- પ્રકાશ જહા

પરંતુ અધ્યક્ષ રમણલાલ વોરાએ ગૃહની પરંપરા અને પ્રણાલિનો ઉલ્લેખ કરી જણાવ્યુ હતુ કે વિરામનો સમય આપવાની પરંપરા નથી.

કોંગ્રેસ અગ્રણી શક્તિસિંહ ગોહિલે મંત્રીશ્રીને તકલીફ હોય તો રાજ્યમંત્રી પાસે વાંચન કરાવી અને બજેટ પ્રવચન પુરૂ કરી શકે છે. જો કે આ દરમ્યાન પાણી પી અને નીતિન પટેલે પુન: પ્રવચન આરંભ્યુ હતુ.

જો કે બજેટ પ્રવચન પૂર્ણ કર્યા બાદ પત્રકાર પરિષદમાં હાજરી આપવા આવેલા નાણાંમંત્રીએ સારૂ એવુ મૌન ધારણ કર્યુ હતુ.

જો કે બે-ત્રણ પ્રશ્નોના પ્રત્યુત્તર આપ્યા હતા. બાકી નાણાં સચિવ અનિલ મુકીમ અને વેટ કમિશનર પી.ડી. વાઘેલાએ પ્રત્યુત્તરો આપ્યા હતા. તો બજેટ અંગેની જાણકારી નાણાં વિભાગના સચિવ મોના ખંધારે વિગતો આપી હતી.

**વિધાનસભામાં નાણાંમંત્રીએ બજેટ પ્રવચનમાં ૪૦ જેટલા પાના વાંચી બતાવ્યા**

વિધાનસભા ગૃહમાં આજે અંદાજપત્ર પ્રવચન જે બે ભાગમાં હોય છે. જેમાં પ્રથમ ભાગમાં યોજનાકીય જાહેરાતો અને સિદ્ધિઓની વાતો હોય છે જેના ૩૬ જેટલા પાના હતા તો કરવેરાની લગતી બાબતોના ૪ પાના મળી ૪૦ પાના નાણાંમંત્રીએ વાંચ્યા હતા.

**બજેટ બે મંત્રીઓએ વાંચ્યુ હોય તેવી ઘટના પણ છે**

વિધાનસભાની તવારીખીમાં બજેટ પ્રવચન બે મંત્રીઓએ વાંચ્યુ હોય તેવી ઘટના છે. ૧૯૯૫માં સૌથી લાંબુ પ્રવચન તત્કાલિન નાણાંમંત્રી સુરેશ મહેતાએ ૬૫ પાનાનો ક ભાગ અને પાંચ પાનાનો અ ભાગ હતો. સુરેશ મહેતા પ્રવચન વાંચતા થાક્યા હતા તેથી બાકીનું પ્રવચન રાજ્યમંત્રી સ્વ. હેમંત ચપટવાલાએ વાંચી પૂર્ણ કર્યુ હતુ.

આવુ જ મનોહરસિંહ જાડેજા નાણાંમંત્રી હતા તે વખતે નાદુરસ્ત તબિયતને લઈ થોડુક પ્રવચન વાંચ્યુ હતુ અને બાકીનો હિસ્સો શક્તિસિંહ ગોહિલે વાંચી પ્રવચન પૂર્ણ કર્યું હતું.

જો કે સૌથી લાંબુ પ્રવચનનો વિક્રમ સુરેશ મહેતાના નામે છે. આજે નીતિનભાઈ પટેલે ત્રણ કલાક કરતાં વધુ સમય લીધો હતો જે બીજા કે ત્રીજા ક્રમે સમયના હિસાબે અંકિત થશે.

**પાટનગર યોજનાનો ઉલ્લેખ બજેટમાં ટાળ્યો**

આજે રાજ્ય વિધાનસભા ગૃહમાં બજેટ પ્રવચનમાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે પાટનગર યોજનાને કરાતી ફાળવણીનો ઉલ્લેખ ટાળ્યો હતો. તેમજ ગાંધીનગરમાં કોઈ મોટા પ્રોજેક્ટ હાથ ધરવાને લઈ પણ મૌન સેવ્યુ હતુ.

**ગાંધીનગરને મેટ્રો સાથે જોડવાની વાતને લઈ પણ અંદાજપત્રમાં મૌન સેવવામાં આવ્યુ છે**

સંત સરોવર પરિયોજના પૂર્ણ થઈ ગઈ છે પણ તેમાં પાણી ભરવા માટેની વાત અને સંત સરોવરથી ગિફ્ટ સુધી રિવરફ્રન્ટની ચાલેલી ચર્ચાઓને લઈ પણ અંદાજપત્રમાં મૌન સેવવામાં આવતા પાટનગરવાસીઓમાં નિરાશાનું મોજુ પ્રસરી જવા પામ્યુ છે.

**અને છેલ્લે...**

વિધાનસભા ગૃહમાં આજે નલિયાકાંડના મુદ્દે તપાસની માંગને લઈ વિપક્ષી નેતા સાથે ચર્ચા કર્યા બાદ તેની યોગ્ય જાહેરાત કરાશે તેવી મુખ્યમંત્રીની હૈયાધારણને લઈ ગૃહમાં આ મામલો શાંત પડ્યો હતો.



**વીજ સુવિધા માટે વીજ પૂરવઠો અટકાવાયો.....**

સૅક્ટર-૨૮ જીઆઈડીસી વિસ્તારમાં મંગળવારે વીજ સુવિધામાં સુધાર માટે વીજ કંપનીએ કામ શરૂ કરતાં દિવસભર વીસ જેટલી નાની-મોટી ફૅક્ટરીઝને ફરજિયાત રજા પાળવી પડી હતી. સવારથી ડૂલ થયેલી વીજળી છેક સાંજે સાત વાગ્યે પરત આવી હતી. અલબત્ત, વાત સુવિધામાં વધારાની હોવાથી કોઈએ આ સામે વાંધો લીધો નહોતો અને આ ફરજિયાત રજાનો આનંદ માણ્યો હતો.

# યુવાધનને આકર્ષવા શિક્ષણ ક્ષેત્રને ૨૪૦૦૦ કરોડ મળ્યા

અમદાવાદ, તા. ૨૧

રાજય સરકાર દ્વારા આજે ૨૦૧૭-૧૮ના જાહેર કરાયેલા બજેટમાં યુવાવર્ગને ભાજપ તરફ આકર્ષવા શિક્ષણમાં મુખ્યમંત્રી યુવા સ્વાવંલબન યોજના અંતર્ગત હવેથી પ્રાથમિક શાળાના ૬૦,૬૦,૦૦૦ વિદ્યાર્થીઓને મફત પાઠ્યપુસ્તક અને ગણવેશ, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના ૨૧ લાખ વિદ્યાર્થીઓને મફત પાઠ્યપુસ્તક ઉચ્ચશિક્ષણ મેળવવા તમામ ૪૫,૦૦૦ વિદ્યાર્થીઓને ટ્યુશન ફી ભોજનાલય અને છાત્રાલયની સુવિધાઓ માટે નાણાકીય સહાય તેમજ તાજેતરમાં જાહેર થયેલી મુખ્યમંત્રી સ્વાવંલબન યોજના અંતર્ગત માન્ય વિદ્યાર્થીઓને ૫૦ ટકા ફીમાં સહાય, કન્યા કેળવણી નિધિમાંથી સેલ્ફ ફાયનાન્સ, મેડીકલ કોલેજની વિદ્યાર્થીયોને ટ્યુશન ફીમાં ૫૦ ટકા સહાય આ ઉપરાંત ધો. ૧૨ની પરિક્ષામાં ઉત્તીણ થઈ કોલેજો અને પોલીટેકનીકમાં પ્રવેશ મેળવનાર અદાજીત ૩.૫ લાખ વિદ્યાર્થીઓને ફક્ત ૧૦૦૦ના ટોકન કિંમતથી ટેબલેટ આપવામાં આવશે. ઓનલાઈન પરીક્ષાઓનું આયોજન કરવા નોલેજ કેન્દ્રો ઉભા કરવા માટે રાજયની ૩૭ કોલેજોમાં ડિઝિટલ એજ્યુકેશન લર્નિંગ લેબ ઉભી કરાશે જ્યારે યુનિવર્સિટીઓ અને કોલેજોમાં ભૌતિક શોધો અને પ્રિ-સ્ટાર્ટઅપ પ્રવૃતિઓને પ્રોત્સાહન આપવા માટે સ્ટુડન્ટ ઈનોવેટિવ ફંડ ઉભુ કરાશે. રાજયના જે વિદ્યાર્થીઓ વિદેશની યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવી અભ્યાસ માટે લોનના મોરેટોરિયમ સમય માટે વ્યાજ સહાય આપવામાં આવશે.

# પાટનગર યોજના માટે બજેટમાં ૨૧૦ કરોડ

## ગત વર્ષ કરતાં આ વર્ષે ૧૨ કરોડની વધુ જોગવાઈ

ગાંધીનગર, તા. ૨૧

પાટનગર યોજના પ્રભાગ માટે રાજ્ય સરકારે ૨૦૧૭-૧૮ના અંદાજપત્રમાં રૂ. ૨૧૦ કરોડની જોગવાઈ કરી છે.

ચાલુ નાણાંકીય વર્ષની ૧૯૮ કરોડની જોગવાઈ કરતાં આ જોગવાઈ વધુ છે. જો કે ફિક્સ પગારના કર્મચારીઓના વેતનમાં વધારો, સાતમા પગારપંચના અમલને લઈ તેમજ સેક્ટરોની ઈન્કવાયરી કચેરીઓને મરામત માટે ખાનગી એજન્સીઓને અપાઈ છે તેને લઈ આ વધારો છે.

અંદાજપત્રમાં નવા કામો કરતાં ચાલુ કામો પૂર્ણ કરવા પર વધુ ભાર મુકવામાં આવ્યો છે. સે. ૭, ૨૯માં બહુમાળીય આવાસોના નિર્માણની કામગીરી તેમજ વિધાનસભાનું રિનોવેશનની કામગીરી એક વર્ષમાં પૂર્ણ થઈ જશે.

પાટનગર યોજના પ્રભાગમાં માર્ગ મરામત માટે પણ જોગવાઈ કરવામાં આવી છે તેમજ મરામત-નિભાવણી માટે પણ જોગવાઈઓ સૂચવવામાં આવી હોવાનું અને નિકાલપાત્ર આવાસોના નિકાલ અંગે જોગવાઈઓ કરાઈ હોવાનું જાણવા મળેલ છે.

# મહાનગરપાલિકાના અનુદાનમાં ૩.૫૦ કરોડનો વધારો કરાયો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર મહાનગર પાલિકાને રાજ્ય સરકારે આજે રજુ કરેલા બજેટમાંથી ૩.૫૦ કરોડની વધારે ગ્રાન્ટ ઉપલબ્ધ થશે.

રાજ્યના નાણાંમંત્રી નીતિન પટેલે આજે તેમના પ્રવચનમાં જાહેરાત કરતાં જણાવ્યુ હતુ કે ઓક્ટ્રોય નાબુદ કરવાના નિર્ણય સાથે ઓક્ટ્રોયના વળતર પેટે અપાતા અનુદાનમાં ૧૦ ટકાનો વધારો કરવાનો નિર્ણય કરેલ છે. આને પગલે ગાંધીનગર મહાનગરપાલિકાને હાલ રૂ. ૧૫ કરોડની ગ્રાન્ટ જે મળે છે તેમાં ૧૦ ટકાનો વધારો થશે અર્થાત્ ૧.૫૦ કરોડ રૂ. વધારે અનુદાન પેટે મળશે. આ ઉપરાંત મોટા શહેરોમાં રખડતા પશુઓની સમસ્યા દિવસે દિવસે ગંભીર બનતી જાય છે અને પરિણામે ટ્રાફિકની સમસ્યા, અકસ્માત અને ગંદકી ફેલાવવાના પ્રશ્નો ઉભા થાય છે. આથી મહાનગરપાલિકાને રૂ. બે કરોડ ફાળવવામાં આવશે. આમ ગાંધીનગર મહાનગર પાલિકાને આ વર્ષે ૩.૫૦ કરોડનું વધારાનું અનુદાન પ્રાપ્ત થશે. આ ઉપરાંત મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અને સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત પણ અનુદાનનો હિસ્સો મળશે.

# સર્વાંગી વિકાસ યાત્રામાં બજેટ નવા પ્રાણ ફૂંકશે : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૨૧

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વિધાનસભા ગૃહમાં નાયબ મુખ્યમંત્રી નાણા મંત્રી નિતિન પટેલ રજુ કરેલા વર્ષ ૨૦૧૭-૧૮ના અંદાજપત્રને ગુજરાતની સર્વાંગી વિકાસયાત્રામાં નવા પ્રાણ પુરુનારુ સર્વસ્પર્શી બજેટ ગણાવ્યું છે. મુખ્યમંત્રીએ આ બજેટમાં વિકાસ માટે તમામ વિભાગોને વધુ નાણા ફાળવવામાં આવ્યા છે તેનો આવકારતા કહ્યું કે એક અર્થમાં પૈસાનો ધોધ વહાવ્યો છે. તેમણે ઉમેર્યું કે આ પૈસા નાણા છેવાડાના માનવી, ગરીબ, વંચિત, મહિલાઓ, યુવા, ખેડુત આદિવાસી, માછીમારો સૌના વિકાસ માટે પહોંચાડીને સૌના સાથ સૌના વિકાસને સાકાર કર્યું છે. વિજય રૂપાણીએ ઉમેર્યુ કે, ખેડુતોના બેઝિક પ્રશ્નોના નિવારણ માટે કાંટાળી વાડ માટે ૨૦૦ કરોડ ફાળવ્યા છે અને સવા લાખ નવા કનેક્શન આપીને ૨૦૧૩ સુધીનો બ્લેકલોગ પુરો કરાશે. તેમણે ઉમેર્યું કે સિંચાઈ અને પાક માટે પાણીની સવલતો ખેડુતોના ખેતર સુધી પહોંચાડવા સૌની યોજના, સુજલામ સુફલામ યોજના, કાકરાપાર અને ઉકાઈ ડેમની સિંચાઈ યોજનાઓથી હર ખેત કો પાનીની વ્યવસ્થા કરી છે. ૧૪ લાખ જેટલા ધરતીપુત્રો માટે ૧ ટકા વ્યાજથી પાક

(અનુ. સાતમા પાને)

# પત્રકારો માટે બજેટમાં જોગવાઈ

ગાંધીનગર, તા. ૨૧

રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે વિધાનસભામાં રજૂ કરેલા અંદાજપત્રમાં પત્રકારો માટે મહત્ત્વની જાહેરાત કરવામાં આવી હતી. રાજ્યના દરેક માન્યતા પ્રાપ્ત (ઍક્રેડિટેડ) પત્રકારો તથા તેમના પરિવારજનોને 'મા વાત્સલ્ય' યોજનાનો લાભ મળશે (એટલે કે પત્રકારો તથા તેમના પરિવારોને સરકારી તથા સરકાર દ્વારા માન્ય હૉસ્પિટલ્સમાં રૂા. ૨ લાખ સુધીની સારવાર વિનામૂલ્યે પ્રાપ્ત થશે).

આ ઉપરાંત દર વર્ષે પત્રકારો માટે સરકાર દ્વારા લેવાતા વીમાનું કવચ રૂપિયા ૫૦ હજારથી વધારીને રૂપિયા પાંચ લાખ સુધીનું કરવામાં આવ્યું છે, જેનાથી પત્રકારોમાં હર્ષની લાગણી પ્રસરી છે.

ગુજરાતના ઈતિહાસમાં પ્રથમ વખત પત્રકારો માટે જોગવાઈ કરવામાં આવી છે. જોકે, શિક્ષણ અને આરોગ્યમાં વિવિધ પત્રકાર સંઘો દ્વારા અગાઉ વારંવાર રજૂઆતો થયેલી છે. પત્રકારોનાં બાળકોના શિક્ષણ માટે રાહત અપાઈ હોત તો પત્રકાર આલમ વધારે ખુશ થાત. અલબત્ત, આ જોગવાઈનું પણ પત્રકારો દ્વારા સ્વાગત જ કરવામાં આવ્યું છે.

# નવાં સેકટરોમાં પાણીનો કકળાટ



## સે-૨ બી અને સે-૩ માં છેલ્લા ઘણાં સમયથી પાણી ફોર્સથી આવતુ નથી : આમ નાગરિકોની ફરિયાદો મામલે તંત્ર દ્વારા પણ કોઈ પગલા લેવાતા નથી : આંદોલનની ચિમકી

ગાંધીનગર તા ૨૧

શહેરના નવા સેકટરોમાં છેલ્લા બે મહીનાથી પાણીની પોકાર સમયાંતરે ઉઠતી રહે છે. શહેરના નવા સેકટરોમાં દિનપ્રતિદિન પાણીનો પ્રશ્ન ગંભીર બનતો જાય છે. સેકટરોમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાનો કકળાટ પ્રવર્તયો છે. આજે પણ સે-૩ અને ૨ બી માં પાણી ફોર્સથી ન આવતા હોબાળો થયો હતો. સ્થાનિક રહીશોએ આ મામલે નગરસેવકને રજુઆત કરી હતી. નવા સેકટરોમાં ઉગતા ઉનાળે પાણીની સમસ્યા જટીલ બનતી જાય છે. વાતાવરણ પલ્ટા બાદ છેલ્લા કેટલાક દિવસથી ગરમીએ જોર પકડયુ છે. ત્યારે પાણીનો વપરાશ પણ વધ્યો છે. આવા સંજોગોમાં પાણીનો સપ્લાય વધારવાની પણ માંગ ઉઠવા પામી છે. તંત્ર દ્વારા પાણી ફોર્સથી ન મળતુ હોવાની ફરિયાદોના મામલે જરૂરી તપાસ કરવામાં આવશે.

શહેરના નવા સેકટરોમાં માળખાગત સુવિધાઓ ખાડે ગઈ છે. સેકટરોના આંતરિક માર્ગોની પણ લાંબા સમયથી દશા બેઠી છે. સેકટરોનુ આંતરિક રોડ નેટવર્ક ઉબડખાબડ બન્યુ છે. પરંતુ રસ્તાની કામગીરીનુ હજુ ઠેકાણુ પડયુ નથી.

(અનુ. સાતમા પાને)

## બેસણું

**ગં.સ્વ. નંદાબેન પરમાર (દેહદાતા)** (સ્વ. અર્જુનભાઈ ગોરધનભાઈ પરમાર)ના ધર્મપત્નીનું અવસાન તા. ૧૮-૨-૨૦૧૭ના રોજ થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૨૩-૨-૨૦૧૭ને ગુરુવાર**ના રોજ **સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ કલાક** દરમિયાન અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**નિવાસસ્થાન : ૩૩૮/૧, શ્રેયસ સોસાયટી, ઘ-૫ નજીક, સેક્ટર-૨૨, ગાંધીનગર-૩૮૨૦૨૨**

લી.

**અચ્યુત પંકજ પરમાર** **પંકજ અર્જુનભાઈ પરમાર**
**ખુશ્બુ પંકજ પરમાર** **ચારૂ પંકજ પરમાર**

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com